
# ગુરુ દક્ષિણા



આજથી ૬૦-૭૦ વરસ પહેલાની વાત છે. ચંદનપુર નામનું નાનું ગામ હતું. ગામમાં દરેક જાતિ-જ્ઞાતિના લોકો રહેતા હતા. શાળાઓ તે સમયે ગામડે ગામડે ખૂલી ન હતી. આ ગામમાં ગિરજાશંકર શાસ્ત્રી રહેતા હતા. આમ તો ગિરજાશંકર નો વ્યવસાય કોઈ ખાસ હતો નહિ. યજમાનવૃત્તિથી ઘર ચાલતું. ગામમાં મહાદેવજીનું મોટું મંદિર અને આ મંદિરની પૂજા ગિરજાશંકર કરતા. ઉંમરમાં સાઈઠ વર્ષ વટાવી ચૂકયા હતા પણ ગામના બાળકોના શિક્ષણ માટે તેઓ સમર્પિત હતા. ગામનાં છોકરાંઓને મંદિરની પરસાળમાં મફત ભણાવે. છોકરાં ૪-૫ કિલોમીટર દૂર ની પ્રાથમિક શાળામાં ભણવા જતાં. તે જમાનામાં ટ્યુશન પ્રથા હતી નહિ બલકે ગુરુ શિષ્યના પ્રેમાળ સંબંધો હતા. ગિરજાશંકર દિવસના ફુરસદના સમયે ગામનાં બાળકોને નિયમિત ભણાવતા હતા, બદલામાં ગામલોકો પાસેથી કંઈ જ માગતા ન હતા.

એક દિવસ સરપંચે ગામ ભેગું કરીને કહ્યું, “ભાઈઓ, ગિરજાશંકર શાસ્ત્રી આપણાં છોકરાંને મફત ભણાવે છે તો આપણે પણ તેમનો વિચાર કરવો જોઈએ. છોકરું એક વરસ આખું ભણે અને આપણે કંઈ ન આપીએ તે કેમ ચાલે ? ઓછામાં ઓછી વરસના અંતે ગુરુદક્ષિણા તો આપવી જ જોઈએ ને ? ” બધા સંમત થયા. બસ ત્યારથી દર વર્ષે ગિરજાશંકર ગુરુના ચરણોમાં પોતપોતાની શક્તિ મુજબ ગુરુદક્ષિણા મૂકતા. જો કે ગિરજાશંકરે ઘણી ના પાડેલી પણ ગામ લોકોના નિર્ણય આગળ તેમને ઝૂકવું પડેલું.

જીતુ હજુ ચોથા ધોરણમાં ભણતો હતો. ઘરેથી તેને નાસ્તા માટે થોડા ઘણા પૈસા મા-બાપ આપતાં. જીતુ પણ ગિરજાશંકર ગુરુને ત્યાં ભણવા જતો. અભ્યાસમાં તે સૌથી આગળ હતો. શાળામાં હંમેશ તેનો પહેલો નંબર રહેતો. જીતુને વાપરવા મળતા પૈસા તે પોતાના માટીના ગલ્લામાં ભેગા કરતો. તે ધોરણ પાંચમાં આવ્યો ત્યારે તેના પિતાજીનું મૃત્યુ થયું. હવે ઘરમાં કમાનાર કોઈ રહ્યું નહિ. એકનો એક દિકરો એટલે મા ને તો વહાલો હોય જ પણ જીતુના સુંદર સ્વભાવને કારણે તે આખાય ચંદનપુરમાં માનીતો હતો. નાનપણમાં તેને મોટી

આપત્તિ આવી પડી. ગિરજાશંકર ગુરુ પણ બહુ દુ:ખી થઈ ગયા હતા. પણ જીતુએ મનમાં નક્કી કરેલું કે ગમે તે થાય મારે તો બસ આગળ ભણવું જ છે ગુરુએ પણ જીતુને જયાં સુધી ભણે ત્યાં સુધી ભણવવાનું બીડું ઝડપ્યું હતું અને એમ વરસો પસાર થયાં.

પિતાના મૃત્યુ પછી જીતુ ગુરુને કોઈ જ ગુરુ દક્ષિણા આપી શકયો ન હતો. છતાં ગુરુ ગિરજાશંકર તેના અભ્યાસમાં બધી જ રીતે મદદ કરતા રહ્યા. જીતુ હવે કોલેજમાં ગયો. હોંશિયાર હોવાથી તે ડોકટરી લાઈનમાં ગયો. સમય જતાં કયાં વાર લાગે છે ? જોત જોતામાં તો જીતુ ચંદનપુર ગામનો સૌથી પહેલો ડૉક્ટર બન્યો. ચંદનપુરની બાજુના મોટા ગામમાં તેણે દવાખાનું ખોલ્યું. ચંદનપુરના બધા જ દર્દીઓની તો તે મફત દવા કરતો પણ અઠવાડિયામાં શનિવારે કોઈપણ દર્દી જાય તો તે મફત સેવા આપતો.

એક દિવસ ચંદનપુરના પોસ્ટમેને આવીને જીતુને વાત કરી કે આપણા ગુરુજી બિમાર છે. ઉંમરના કારણે શાસ્ત્રીજી લગભગ મરણ પથારીએ પડયા હતા. તરત જ જીતુને ઝબકારો થયો. ગુરુજી બિમાર હોયતો તરત જ જવું પડે, પોતાની દવાની પેટી અને એક થેલી લઈ તે પહોંચ્યો ચંદનપુર. ગિરજાશંકર શાસ્ત્રીની આસપાસ જૂના નવા વિદ્યાર્થીઓ વીંટળાઈ ગયા હતા. જીતુ આવ્યો. બધાએ જગ્યા કરી આપી. ગુરુજીની નાડી જોઈ હૃદયના ધબકારા માપ્યા અને આંખો બંધ કરી. તેના કપાળ પર પરસેવો રેલાતો હતો. તે સમજી ગયો હતો કે ગુરુજી હવે વધુ સમય નથી. તેણે ગુરુજીના ચરણ સ્પર્શ કર્યા. હૃદયને મજબૂત કર્યું. તેમના માથા પાસે બેઠો. કપાળે હાથ અડાડયો. ગુરુજીની આંખો ખુલી. જીતુને જોયો. હર્ષનાં આંસુ આવ્યાં. બે હાથ ઊંચા કરી આર્શિવાદ આપ્યા. બધા વિદ્યાર્થીઓની આંખો ભરાઈ આવી. જીતુ બોલ્યો, "ગુરુજી, હું ઘણો મોડો પડયો છું. આપે મને ભણાવી-ગણાવી ડૉકટર બનાવ્યો પણ તમારે કામ ન આવ્યો. ઘણા વરસો સુધી આપે ભણાવ્યો અને ત્યારે મારી પાસે કશું ન હતું- આજે આ આપના ચરણમાં મૂકું છું." પેલી થેલીમાંથી માટીનો ગલ્લો કાઢી ગુરુ ચરણે મૂકયો. "આ મારી ગુરુદક્ષિણા છે. આપ સ્વીકારી લો. " એટલું બોલતાં જીતુ રડી પડયો. ગુરુની આંખો ભીંજાઈ. બધા વિદ્યાર્થી રડવા લાગ્યા. ગુરુએ માટીનો ગલ્લો હાથમાં સ્વીકાર્યો. જીતુએ તે ગલ્લામાં રોજ કંઈ ને કંઈ ગુરુદક્ષિણા ભેગી કરી હતી. ડૉકટર બન્યા પછી જીતુને જે આવક થતી તેમાંથી ૧૦% રકમ ગલ્લામાં નાંખતો. આમ ઘણી મોટી રકમ ગલ્લામાં ભેગી થઈ હતી. ગલ્લો ગિરજાશંકર શાસ્ત્રીએ હાથમાં પકડવાનો પ્રયત્ન કર્યો પણ ભારે હોવાથી તરત જ જીતુને આપી દીધો. તેમણે કહ્યું, "જીતુ, તું તો આ બધા વિદ્યાર્થીઓ માટે આદર્શ છે. તું ખૂબ ભણ્યો અને ડૉકટર બન્યો એ જ મારી ગુરુદક્ષિણા છે. " જીતુએ કહ્યું, "ગુરુજી, આ રકમ આપની જ છે આપ કહેશો તે રીતે તેનો ઉપયોગ કરીશું. " ગુરુએ કહ્યું, " બેટા, ગામમાં પુસ્તકાલય બનાવજે." ગુરુજીનું વાક્ય પૂરું થયું. બધા સામે એક વખત જોઈ લીધું અને હંમેશ માટે આંખો બંધ કરી દીધી.

વિદ્યાર્થીઓ, વાલીઓ અરે, આખું ગામ રડયું. પછીની બધી ક્રિયાઓ પણ પૂર્ણ થઈ. અને ત્યાર પછીના વર્ષે જ ચંદનપુર ગામમાં ખૂબ જ સુંદર અને પુસ્તકોથી ભરપુર એક પુસ્તકાલય બન્યું. નામ હતું "ગિરજાશંકર શાસ્ત્રી પુસ્તકાલય." ગિરજાશંકર ગુરુને સાચો શિષ્ય મળ્યો અને જીતુને સાચા ગુરૂ.